## જન્મદિને વધામણી


શ્લોક દરજી
મો. ૯૮૨૫૪ ૫૧૧૯૮


હર્ષ પંકજરાય શાહ
મો. ૯૮૨૫૫ ૮૪૨૫૨


ઠાકોરભાઈ એ ગજ્જર
ઉપપ્રમુખ, બરોડા સુથાર સમાજ


ગુંજન દિલીપભાઈ પટેલ
મો. ૯૯૭૪૯ ૦૯૯૭૪


અંજનાબેન મહેશકુમાર રાવલ
ફોન : ૨૩૨૩૩૦૬૭
મો. ૯૪૨૬૬ ૩૩૦૬૭


ભરત આર કોઠારી
મો. ૮૧૪૧૭ ૪૧૨૫૧


આર ડી રોહિત
મો. ૯૩૭૭૭ ૨૪૪૮૫

# જિલ્લાકક્ષાના ગણિત-વિજ્ઞાન પ્રદર્શન માટે જે બી પ્રાથમિક શાળાની કૃતિ પસંદ

ગાંધીનગર, તા. ૩

સપ્ટેમ્બર માસના અંતમાં સરકારી પ્રાથમિક શાળા, સૅક્ટર-૨૦/૧ ખાતે ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજવામાં આવ્યું હતું, જેમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલી કૃતિ જિલ્લાકક્ષાના પ્રદર્શન માટે પસંદગી પામી હતી.

શાળાના વિદ્યાર્થીઓએ કુલ પાંચ વિભાગમાં સ્પર્ધક તરીકે ઉમેદવારી નોંધાવી હતી, જે પૈકી 'વિભાગ-૩ : ઉદ્યોગો'માં 'સમુદ્રના પાણીમાંથી સૂર્યપ્રકાશની મદદથી વીજળી ઉત્પન્ન કરવી અને મીઠું મેળવવું' વિષયની કૃતિ જિલ્લાકક્ષાના પ્રદર્શન માટે પસંદગી પામી હતી.

આ કૃતિ લવ હિતેષભાઈ ધોબી, રાજ પંકજભાઈ પટેલે શિક્ષક નિરૂબેનના માર્ગદર્શનમાં તૈયાર કરી હતી. પ્રદર્શનમાં ભાગ લેનારા વિદ્યાર્થીઓ તથા માર્ગદર્શક શિક્ષકોને શાળા પરિવાર વતી આચાર્યા નીવાબેન પટેલે બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.

# વક્તૃત્ત્વ અને નિબંધ સ્પર્ધામાં આર જી પટેલ કન્યા શાળા ઝળકી



ગાંધીનગર, તા. ૩

સમગ્ર રાજ્યમાં ભારતના બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે ગુજરાતની તમામ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચમાધ્યમિક શાલાઓમાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકારના આદેશ અન્વયે ગાંધીનગર જિલ્લામાં પણ શાળા, ક્યુડીસી, ઍસવીઍસ, જિલ્લા એમ વિવિધ સ્તરે વક્તૃત્ત્વ સ્પર્ધા અને નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ક્યુડીસી કક્ષાએ વક્તૃત્ત્વ સ્પર્ધામાં માધ્યમિક અને ઉચ્ચમાધ્યમિક વિભાગમાં હિરલ ચૌધરી અને રાજવી શાહ પ્રથમ ક્રમે વિજેતા બન્યાં હતાં.

નિબંધ સ્પર્ધામાં આ જ વિભાગમાં સીમા રાઠોડ અને ક્રિના પંડ્યા પ્રથમ ક્રમે વિજયી બન્યાં હતાં. આ વિદ્યાર્થીનીઓએ ઍસવીઍસ કક્ષાની સ્પર્ધામાં પણ ભાગ લીધો હતો, જેમાં પણ વક્તૃત્ત્વ સ્પર્ધામાં હિરલ ચૌધરી અને રાજવી શાહ પ્રથમ ક્રમે વિજયી બન્યાં હતાં અને માધ્યમિક કક્ષાની નિબંધ સ્પર્ધામાં સીમા રાઠોડ પ્રથમ ક્રમે વિજેતા બની હતી.

આ વિજેતા વિદ્યાર્થીનીઓ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ગાંધીનગર ખાતે આયોજિત જિલ્લાકક્ષાની સ્પર્ધામાં પણ ભાગ લીધો હતો, જેમાં પણ હિરલ ચૌધરી અને રાજવી શાહ પ્રથમ ક્રમે વિજેતા બન્યાં હતાં.

આ પ્રસંગે ઉપસ્થિત રહેલા ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારી ઍસ ઍમ બારડે બંને વિજેતા વિદ્યાર્થનીઓને અભિનંદન પાઠવ્યા હતા. શાળાનાં આચાર્યા સુધાબેન પટેલે શાળા પરિવાર વતી તમામ વિદ્યાર્થીનીઓ તથા તેમને માર્ગદર્શન આપનારા શિક્ષકમિત્રોને અભિનંદન પાઠવ્યા હતા તેમજ રાજ્યકક્ષાએ વિદ્યાર્થીનીઓ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરે તે માટે શુભકામનાઓ પાઠવી હતી.

# ગાંધીનગરના સાહિત્યકાર પ્રવીણ ગઢવીને સાહિત્યરત્ન સુવર્ણચંદ્રક એનાયત કરાયો




ગાંધીનગર, તા. ૩

અગ્રમી દલિત સાહિત્યકાર પ્રવીણ ગઢવી અને જાણીતા સર્જક સતીષ ડણાંકને ગાંધી જયંતિના પાવન અવસરે તેમની અનન્ય સાહિત્ય સેવા બદલ વર્ષ ૨૦૧૫ના સુવર્ણચંદ્રકોથી નવાજવામાં આવ્યા છે. સત્યેશ્વર મહાત્મા ગાંધી ફાઉન્ડેશન અને કવિશ્રી ડાહ્યાભાઈ પટેલ સાહિત્યરત્ન સુવર્ણચંદ્રક ટ્રસ્ટ, વડોદરાના ઉપક્રમે પ્રસિધ્ધ પ્રકાશન ગૃહ ગુર્જર ગ્રંથ રત્ન કાર્યાલયના યજમાનપદે કચ્છી જૈન સેવા સમાજ, અમદાવાદ ખાતે ખ્યાતિપ્રાપ્ત લોકસાહિત્યકાર જોરાવરસિંહ જાદવના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ સમારોહમાં ગુર્જર પ્રકાશનના મનુભાઈ શાહ અને પ્રવીણ પ્રકાશનના ગોપાળભાઈ માંકડીયા અતિથિ વિશેષપદે ઉપસ્થિત રહ્યા હતા. 'સાચા સર્જકોનાં સન્માન થવાથી તેમની સર્જકતાને વધુ બળ મળે છે અને સાહિત્યની જ્યોતને પ્રજ્વલિત રાખવાની તેમને પ્રેરણા મળે છે' એમ પોતાના અધ્યક્ષીય વક્તવ્યમાં જણાવતાં જોરાવરસિંહ જાદવે આ ટ્રસ્ટો દ્વારા અત્યાર સુધીમાં ગુજરાતના પચીસ જેટલા સાહિત્ય રત્નોને આ રીતે પ્રતિવર્ષ વિશેષ સમારોહ યોજીને સન્માનવાની પરંપરાને ગુજરાતી સાહિત્યની અપ્રતિમ સેવા તરીકે બિરદાવી હતી અને સુવર્ણચંદ્રકો પ્રાપ્ત કરનાર પ્રવીણ ગઢવી તથા સતીષ ડણાંકને હૃદયના અભિનંદન પાઠવ્યા હતા.

અતિથિ વિશેષપદેથી બોલતાં ગુર્જર પ્રકાશનના મોવડી મનુભાઈ શાહ અને પ્રવીણ પ્રકાશનના ગોપાળભાઈ માંકડીયાએ કવિશ્રી ડાહ્યાભાઈ પટેલ સાથેના સંસ્મરણો વાગોળીને તેમનાં મહાત્મા ગાંધી પરના સર્જન વિશે વિગતે વાત કરી, સુવર્ણચંદ્રક મેળવનાર બંને સર્જકોને અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે ખાસ ઉપસ્થિત વરિષ્ટ પત્રકાર-સાહિત્યકાર પ્રકાશ ન શાહ તથા આરટીઆઈ કમિશનર વી ઍસ ગઢવીએ પણ ગાંધીજીવન અને ગાંધીમૂલ્યો વિશે પોતાના મનનીય વિચારો વ્યક્ત કર્યા હતા.

કાર્યક્રમનું સંચાલન મોહનભાઈ બારોટ અને નીતાબેન દ્વારા તથા આભારવિધિ નિર્ઝરીબેન દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગે પ્રવીણ ગઢવીનાં ધર્મપત્ની ગીતાબેન, પરિવારજનો, સતીષ ડણાંકના પરિવારજનો તથા હસુ યાજ્ઞિક, ડૉ. કેશુભાઈ દેસાઈ, ડૉ. યશવંત મહેતા, ભરત કવિ, વિરંચી ત્રિવેદી, હરીશ વટાવવાળા, હરીશ મંગલમ્, ભીખુભાઈ વણકર, સાહિલ પરમાર, નટુભાઈ પરમાર, ચંદુ મહેરીયા, રમણ વાઘેલા સહિત અનેક સાહિત્યકારો, સાહિત્ય ભાવકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર ખાતે ગાંધી જયંતિની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૩

શ્રીમતી માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર ખાતે ગાંધી જયંતિની ઉજવણી ભાવપૂર્વક કરવામાં આવી હતી.

આ પ્રસંગે આયોજિત પ્રાર્થના સભામાં ગીતો, ભજન, ધૂન, વક્તવ્યો, ગાંધીજીવનના પ્રેરક પ્રસંગો આધારિત પ્રહસનો તથા સમૂહ સફાઈનું આયોજન કરાયું હતું.

ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્ય સચિવ પી કે લહેરીએ આ પ્રસંગે ઉપસ્થિત રહી 'ગાંધીજી મોહનમાંથી મહાત્મા કેવી રીતે બન્યા' તથા યુવાનો માટે ગાંધીવિચાર 'મારું જીવન એ જ મારો સંદેશ' આ બાબતોને સાંકળી મનનીય વ્યાખ્યાન આપી બાળકોને ગાંધીવિચારોથી તરબોળ કર્યા હતાં.

આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટી સૌભાગ્યચંદ શાહ, જાણીતા સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈ, સંસ્થાના નિયામક ફુલજીભાઈ પટેલ, આચાર્ય સુરેખાબેન ચૌધરી તેમજ વિનય વિહાર પરિવાર ઉપસ્થિત રહ્યો હતો. કાર્યક્રમનું સંચાલન મુકેશ વૈદ્ય દ્વારા કરવામાં આવ્યું હતું.

## જે બી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ વર્કશૉપની મુલાકાતે

ગાંધીનગર, તા. ૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક વિદ્યાલયના ધોરણ-૮ના ૫૦૦ વિદ્યાર્થીઓ અને દસ શિક્ષકોએ ગુરુવારે સૅક્ટર-૧૨ ખાતે કાર્યરત શ્રી સ્વામી વિવેકાનંદ હાઈસ્કૂલ ખાતે આયોજિત ઈલેકટ્રીકલ અને મિકેનીકલ વર્કશૉપની મુલાકાત લીધી હતી.

વિદ્યાર્થીઓએ આ સૅમિનાર અંતર્ગત ઈલેક્ટ્રીકલ અને મિકેનીકલ સાધનોના ઉપયોગ તથા પ્રાથમિક સુરક્ષાના નિયમો અંગે જાણકારી પ્રાપ્ત કરી હતી. વર્કશૉપમાં ભાગ લેનારા સૌ વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને બિરદાવી તેમને માહિતી આપનારા પ્રૉફેસર પ્રતિ શાળા પરિવાર વતી આચાર્યા નિવાબેન પટેલે આભારની લાગણી પ્રગટ કરી હતી.

## મનોરંજન

### સિનેમેક્સ

**સ્ક્રીન-૧**
પુલી (હિન્દી)
૯.૧૦, ૧૨.૨૦
ગુજ્જુભાઈ ધ ગ્રેટ
૩.૩૦
બાંકે કી ક્રેઝી બારાત
૬.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૨**
સિંઘ ઇઝ બ્લિંગ
૧૦.૧૫, ૧.૧૫,
૪.૨૦,૭.૨૫, ૧૦.૩૦

**સ્ક્રીન-૩**
ગુજ્જુભાઈ ધ ગ્રેટ
૧૦.૧૫, ૯.૫૦
તલવાર
૧.૧૫, ૭.૦૦
કિસ કિસ કો પ્યાર કરું
૪.૦૫

**સ્ક્રીન-૪**
સિંઘ ઇઝ બ્લિંગ
૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૫,
૯.૨૦
પુલી (હિન્દી)
૬.૧૦

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧**
સિંઘ ઇઝ બ્લિંગ
૧૨.૩૦, ૩.૩૦,
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨**
તલવાર
૭.૦૦
પુલી (હિન્દી)
૧.૦૦, ૪.૦૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૩**
ધ માર્ટીયન (૩ડી અંગ્રેજી)
૧.૦૦, ૭.૧૫
ધ માર્ટીયન (૩ડી હિન્દી)
૪.૧૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
પુલી (હિન્દી)
૧૦.૦૦
કિસ કિસ કો પ્યાર કરું
૧૨.૪૫
ગુજ્જુભાઈ ધ ગ્રેટ
૩.૩૦
પુલી (તમિલ)
૭.૦૦

**સ્ક્રીન-૫**
સિંઘ ઇઝ બ્લિંગ
૧૦.૦૦
તલવાર
૧૨.૪૫, ૩.૪૫, ૧૦.૦૦
ગુજ્જુભાઈ ધ ગ્રેટ
૭.૦૦

# સપૉર્ટ ફોર કિડ્સ ઍન્ડ યુથ... હમ હૈ નયે અંદાઝ ક્યું હો પુરાના...

## યંગસ્ટર્સ રૉકિંગ... ગાંધીનગરની ૩૨ સરકારી પ્રાથમિક શાળાના પાંચ હજાર વિદ્યાર્થીઓએ એક જ સમયે પ્રતિભા સ્પર્ધા પરીક્ષા આપી : ગાંધીનગરના રસ્તા પર કોઈ બાળક ભીખ ન માગે એવા સંકલ્પ સાથે યુવાનોએ ટીમ ઈવેન્ટ યોજી

ગાંધીનગર શહેરની અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં આવેલી સરકારી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે કોઈ બૅનર કે નામની પળોજણ વગર યુવાનોએ ભેગા થઈને આર્થિક પછાત બાળકોમાંથી પ્રતિભા બહાર લાવવા એક પ્રતિભા સ્પર્ધાનું શનિવારે આયોજન કર્યું હતું... એક સાથે ૩૨ સ્કૂલ, ૬ હજાર વિદ્યાર્થીઓ, ૧૫૦થી વધુ સ્વયંસેવકો, દરેક માટે પ્રશ્ન પેપર, ભાગ લેનાર સૌ માટે ગિફ્ટ કીટ, યુવાનોમાં ભરેલો જોશ અને ઈવેન્ટને મળ્યો ગ્રાન્ડ સકસેસ...

ગાંધીનગરના આર્થિક પછાત બાળકો અને એમાંય ખાસ કરીને સરકારી પ્રાથમિક શાળામાં વાર-તહેવારે કાર્યક્રમ યોજતા આ યુવાનોને વિચાર આવ્યો કે કંઈક સજ્જડ કાર્ય કરીએ... માત્ર આર્થિક પછાત ધોરણ પર નહીં પણ એમનામાં રહેલી પ્રતિભાને બહાર લાવીએ અને એમાં જે પ્રખર નીકળે એની કરિઅર ડેવલપમેન્ટ માટે પ્રયત્ન કરીએ તો સમાજની બેસ્ટ સેવા કરી કહેવાશે... બસ, પછી તો બ્રેઈન સ્ટોર્મિંગ ચાલુ થયું અને પ્રતિભા શોધ સ્પર્ધા કરવી, ધોરણ ત્રણથી આઠના વિદ્યાર્થીઓની પ્રતિભા ઓળખી એમને આગળ ધપાવવા...

આ યુવાનો પછી તો જિલ્લા શિક્ષણાધિકારીને મળ્યા અને એમનો વિચાર અને કાર્યદક્ષતા જોઈ સરકારે બાકાયદા એમને મદદ કરવા દરેક સ્કૂલને પરિપત્ર પાઠવ્યો કે પ્રતિભા શોધ સ્પર્ધા થશે અને સ્કૂલ, પ્રિન્સિપાલ, શિક્ષકો એમનાં બાળકોની પ્રતિભાને બહાર લાવવા મહેનત કરવા લાગ્યાં.. આ યુવાનો સઘળી સ્કૂલ્સમાં જઈને એમના વિચારોનું વાવેતર કરી આવ્યા... અને નક્કી થઈ તારીખ ૩જી ઑક્ટોબર. સવારે ૮ વાગ્યે દરેક સ્કૂલમાં ધોરણ-૩થી ૮ના વિદ્યાર્થીઓ એકસાથે પરીક્ષા આપશે એવો નિર્ણય કરાયો...

પરીક્ષાની તારીખ નક્કી થઈ અને આ યુવાનો જોરશોરથી તૈયારીમાં લાગ્યાં... વિશાલ પટેલ અને પ્રતિક જાની પેપર સેટરની તૈયારીમાં અને ફંડ માટે ટહેલ નાંખવા લાગ્યા... સચીન ઠક્કર, વ્યોમ અમીન અને હુસેન પટેલ દરેક બાળકને ગિફ્ટ કિટ માટેના મૅનેજમૅન્ટમાં લાગ્યા... નોટબૂક, પૅન, રબર, પૅન્સિલ, શાર્પનર સાથેની ૬ હજાર કિટની તૈયારી થઈ ગઈ, સામાન આવ્યો અને બધા યુવાનો એની કિટ બનાવવામાં વ્યસ્ત થયા...




ધોરણ પ્રમાણે અને એમની ક્ષમતા બહાર લાવે એવા વૈકલ્પિક પ્રશ્નો સાથેના પેપર અને છેલ્લે વિચાર વિસ્તારને રજૂ કરવા નિબંધ સાથેનું પ્રશ્નપત્ર અને એ પણ પ્રિન્ટેડ અને બૉર્ડની પરીક્ષા જેવું બે પ્રકારનું બનાવ્યું... દરેક સૅન્ટર માટેના પ્રશ્નપત્ર કવર, કિટનું નામ વાઈઝ પૅકેટ તૈયાર કરી, પરીક્ષાના કલાક પહેલા ગાંધીનગરનાં અલગ અલગ જગ્યાએ ડિસ્ટ્રીબ્યુશન પોઈન્ટ બન્યાં ત્યાંથી આપવાની પણ સુંદર વ્યવસ્થા થઈ ગઈ... આખું નેટવર્ક વૉટ્સઍપના માધ્યમથી ચાલે, જેને જે દેખાય એ કામ કરી લે, કોઈ પ્રમુખ, મંત્રી, સંત્રી, તંત્રી એવું કસું જ નહીં... આ કામ માટે બિલકુલ ફ્રેશ ઉંમરના યુવાનો ૧૮થી ૨૫ની વયનું થનગનતું હિન્દુસ્તાન કામે લાગેલું... વાતવાતમાં ૧૫૦ વૉલીએન્ટર્સ તૈયાર થયાં... કૉલેજનાં વિદ્યાર્થીથી લઈને વિવિધ ક્ષેત્રના યુવક-યુવતીઓ સ્વેચ્છાએ આ બાળકોની પ્રતિભા બહાર લાવવા લાગી પડ્યાં...

ગાંધીનગર શહેરની સ્કૂલ સાથે ફતેપુરા, પાલજ, બાસન, ગોકુળપુરા, જીઈબી, ધોળાકુવા, વાવોલ... જેવી ગ્રામીણ સ્કૂલો પણ ખરી... અને આ સરકારી શાળાઓમાં તો જાણે કોઈ ખાસ તહેવાર જેવી તૈયારી, એમનામાં કોઈ રસ લે, કોઈ પ્રવૃત્તિ કરે, એમના માટે યુવાનો સમય કાઢીને પરીક્ષા લે અને સાથે ગિફ્ટ પણ આપે... આ બધું જ રોમાંચકારી હતું...

યસ, ૩ ઑક્ટોબર ને સવારે દરેક સ્કૂલમાં ઉત્સાહથી ભરપૂર યુવાનો પ્રશ્નપત્ર અને કિટ સાથે હાજર થઈ ગયાં અને નિશ્ચિત કર્યા મુજબ પરીક્ષાની તૈયારી થઈ... કોઈક શાળામાં તો વિદ્યાર્થીઓએ સુંદર સંગીતમય પ્રાર્થના કરી, આ યુવાનોને પ્રેમથી આવકાર્યા અને સ્કૂલની પ્રવૃત્તિઓ પણ બતાવી... સરકારી શાળાના શિક્ષકો અને આચાર્યોએ યુવાનોની આ મહત્ત્વાકાંક્ષા સાકાર કરવા દિલથી મદદ કરી...

પરીક્ષા પતી... બાળકોના આનંદ પર ખુશીની લહેર સ્પષ્ટ દેખાતી હતી... યુવાન વોલીએન્ટર્સ આ બાળકો સાથે ફોટો પડાવી એમના ગૃપમાં 'અમારી સ્કૂલની પ્રતિભા સ્પર્ધા પતી'ના મૅસેજ સાથે ધડાધડ પોસ્ટ કરવા લાગ્યા... એમના ચહેરા પરની ખુશી અને રોમાંચ કદાચ એમને એમના રિઝલ્ટ વખતે નહીં થયો હોય એટલો થયો હતો... યુવક-યુવતીઓએ મસ્ત મસ્ત સૅલ્ફી લીધી, શાળાના સ્ટાફ સાથે પણ ફોટો લીધો અને પછી સાંસ્કૃતિક કાર્યક્રમો થયા... આખો માહોલ તરબતર બની રહ્યો...

બધાંના પેપર જમા થઈ ગયાં અને કલેક્શન સૅન્ટરમાં આવી ગયાં, હવે એમાંથી પ્રખરતા ધરાવતા વિદ્યાર્થીઓ શોધી કઢાશે... પણ, વાત અહીં પુરી થતી નથી... આ પાંચ હજાર વિદ્યાર્થીઓમાંથી એક હજાર વિદ્યાર્થીઓ પસંદ કરી આવતા મહિને ગાંધીનગર ટાઉનહૉલમાં એક ભવ્ય પ્રતિભા સ્પર્ધા થશે અને એમાંથી શ્રેષ્ઠ બાળકો શોધીને આ યુવાનો એમની કરિઅરને નિર્વિઘ્ને ધપાવવા બધી જ વ્યવસ્થા પુરી પાડશે... આજની આ ઈવેન્ટ, એનું મેનેજમેન્ટ, યુવાનોમાં ઉત્સાહ અને સમાજ માટે કંઈક કરવાની ભાવના જોયા બાદ અવશ્ય એવું લાગે કે શાયનિંગ ઈન્ડિયાના દિવસો દૂર નથી...હેટ્સ ઑફ ફોર ધીસ ઑલ લવલી યંગસ્ટર્સ...




વોલિએન્ટર્સના ઉત્સાહભર્યા ચહેરા જોઈને લાગ્યું કે કાર્યક્રમ સફળ થઈ ગયો....... સચિન ઠક્કર

વિચાર આવ્યો, અમલમાં મુકાયો અને ૩૨ સ્કૂલના વોલિએન્ટર્સ સાથેના ફોટા આવતાં ક્રેઝી થવાયું......... વ્યોમ અમીન

ટીમ ઈવેન્ટથી જ શક્ય બન્યું, બધાં પોતાની હસ્તી ભૂલીને કામ કરી ગયાં......... હુસેન પટેલ

સરકારી સ્કૂલમાં કાર્યક્રમ કરવાનો આઈડિયા બધાને ગમી ગયો... ......પ્રતીક જાની

દરેક સ્કૂલમાં પ્રિન્સિપાલને મળ્યો અને પરિપત્ર કરાવ્યો એ શ્રેષ્ઠ કામ થયું.......... વિશાલ પટેલ

# ભુતાનના વિદ્યાર્થીઓનું જૂથ ભારતની મીઠી યાદો સાથે પરત

ગાંધીનગર, તા. ૩

ભારત અને ભુતાન વચ્ચેના સંબંધો મજબૂત બને અને આ બંને દેશો માત્ર રાજકીય રીતે જ નહીં પરંતુ દિલથી પણ એકબીજા સાથે જોડાય તે હેતુથી ભુતાનના ૫૦ વિદ્યાર્થીઓ અને પાંચ અધ્યાપકોનું જૂથ હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી, પાટણનું મહેમાન બન્યું હતું. આ જૂથે યુનિવર્સિટીના સૅમિનારમાં હાજરી આપી હતી તથા પાટણની રાણકી વાવની પણ મુલાકાત લીધી હતી. વાવની કલાકૃતિ જોઈ જૂથના સભ્યો દંગ રહી ગયા હતા અને કૅમેરામાં આ અદ્ભૂત કલાકૃતિને તેમણે કેદ કરી હતી. આ વિદ્યાર્થીઓએ રાત્રે ભારત અને ભુતાનના સાંસ્કૃતિક વારસાને સ્ટેજ પર પ્રગટ કરવા યુનિવર્સિટીના કન્વેન્શન હૉલમાં આયોજિત એક વિશેષ કાર્યક્રમમાં હાજરી આપી હતી. કાર્યક્રમમાં પાટણ કલેકટર રાજેશ માંજુ, યુનિવર્સિટીના કુલપતિ ડૉ. રતનલાલા ગોદારા, ઉપ કુલપતિ દીપુબા દેવડા, રજિસ્ટ્રાર ધર્મેન્દ્રભાઈ પટેલ, ઈસી મૅમ્બર શૈલેષ પટેલ, ઓઍસડી દિલીપભાઈ ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓ આ સાંસ્કૃતિક પ્રદર્શન નિહાળી ખુશ થયા હતા. કાર્યક્રમ અંતર્ગત ભુતાનનું સ્વાગત ગીત તથા નૃત્યો ભુતાનના વિદ્યાર્થીઓએ રજૂ કર્યા હતા અને ગુજરાતી વિદ્યાર્થીઓએ એમને ગરબાની ભેટ ધરી હતી. ગાંધી જયંતિ નિમિત્તે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુત ગાંધી વિચારોને પ્રગટ કરતું નાટક પણ ભુતાનના વિદ્યાર્થીઓએ રસથી નિહાળ્યું હતું. પોતાના પ્રતિભાવમાં ભુતાનના વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે ભારતમાં અનેક પ્રકારની વૈવિધ્યતા હોવા છતાં સંસ્કૃતિની સામ્યતાથી પોતે ખૂબ પ્રભાવિત થયા છે. અહીંના મૅડિકલ ક્ષેત્રના વિકાસથી તેઓ ખૂબ પ્રભાવિત થયા હતા. આ જૂથના વડા ઍસ ઍમ ગોમ્સે ભીરતની સર્વધર્મ સમભાવ તથા દરેક સંસ્કૃતિનું સન્માન કરવાની ભાવનાના ભરપૂર વખાણ કર્યા હતા તથા યુનિવર્સિટીના કુલપતિને ભુતાનની મુલાકાત માટે આમંત્રણ પાઠવ્યું હતું.